### વિવિધ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ 1408 બોટલો મળી આવી

# બોડેલી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો

**બ્રેઝા કાર સાથે** રૂ. 10.57 લાખનો મુદ્દામાલ જપ્ત







(પ્રતિનિધિ) બોડેલી, તા.3

બોડેલી પોલીસ સ્ટેશન દ્વારા પેટ્રોલિંગ દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂનો ગણનાપાત્ર જથ્થો ઝડપી પાડી એક આરોપી સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીમાં કુલ રૂ. 10,57,380ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

બોડેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એસ. ગાવિતના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ ઝાંખરપુરા નર્મદા મેઈન કેનાલ રોડ પર પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન એએસઆઇ દિનેશભાઇ બચુભાઈને મળેલી બાતમીના આધારે મારુતિ સુઝુકી બ્રેઝા કાર (નં. GJ-17-CK-5297)ને અટકાવી તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન કારમાંથી વિવિધ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ 1408 બોટલો મળી આવી હતી. જેમાં સ્મૂથનેસ રિઝર્વ વિસ્કી, માઉન્ટ્સ સુપર સ્ટ્રોંગ બિયર, મેકડોયલ્સ નં.1, રોયલ સ્ટેગ અને રોયલ ચેલેન્જ ગોલ્ડ જેવી બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. દારૂની કુલ કિંમત રૂ. 2,56,880 હોવાનું જાણવા મળ્યું હતું. ઉપરાંત આરોપીની અંગઝડતીમાંથી રૂ.500 રોકડા અને દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી બ્રેઝા કાર પણ કબજે કરાઈ આવી હતી. આ સમગ્ર કાર્યવાહીમાં કુલ રૂ. 10,57,380નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પકડાયેલા આરોપી પ્રવિણ ઉર્ફે પરીયો ચીમનભાઈ સોલંકી (રહે. અંબા તળાવ, તા. હાલોલ, જી. પંચમહાલ) વિરુદ્ધ પ્રોહીબિશન કાયદા હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવી છે.

### “બોલ માઁ અંબે”ના નાદથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યો

# સંખેડા જગદંબા માતાના મંદિરે માતાજીનો પ્રાગટ્ય દિન ઉજવાયો

**પોશી પૂનમ** નિમિત્તે કેક કાપી, શોભાયાત્રા, ગરબા અને મહાપ્રસાદનું આયોજન



(પ્રતિનિધિ) સંખેડા, તા.3

સંખેડા બજારમાં આવેલા પ્રસિદ્ધ માં અંબાજી (જગદંબા) માતાના મંદિરે પોશી પૂનમના પાવન અવસરે માતાજીના પ્રાગટ્ય દિનની ભવ્ય અને ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે માતાજીને વિધિવત રીતે સોનાના ભવ્ય સિંહાસન પર બિરાજમાન કરવામાં આવતા સમગ્ર સંખેડા પંથકમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો.

મંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાયેલા આ સોનાના સિંહાસન માટે અંદાજે 230 ગ્રામ શુદ્ધ સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનો કુલ ખર્ચ આશરે રૂ. 35 લાખ થયો હોવાનું જાણવા મળે છે. સાથે સાથે મંદિરના રીનોવેશન માટે પણ અંદાજે રૂ. 55 લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

પોશી પૂનમના દિવસે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ભાથુજી મહારાજના મંદિરેથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં માઈભક્તોએ ભાગ લીધો હતો. બપોરના સમયે આનંદના ગરબા, અન્નકૂટના દર્શન તેમજ માતાજીના પ્રાગટ્ય દિનની ખુશીમાં કેક કાપી ઉજવણી કરાઈ હતી. સાથે સાથે ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહાપ્રસાદનો લાભ લેવા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### પાદરા ગીતાંજલી વિદ્યાલય દ્વારા વાર્ષિક રમતગમત મહોત્સવની ભવ્ય ઉજવણી




**પાદરા ।** ગીતાંજલી વિદ્યાલય પાદરા ખાતે તાજેતરમાં વાર્ષિક રમતગમત દિવસની અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાની ખેલદિલી અને શારીરિક ક્ષમતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત મુખ્ય અતિથિ જિલ્લા રમતગમત અધિકારી દિનેશભાઈ કદમના વરદ હસ્તે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અતિથિ વિશેષ રૂપે વિજય હજારે ટ્રોફી અને રણજી ટ્રોફી વિજેતા કિનીત પટેલ તથા સંજયભાઈ પાટણવાડીયા ઋષભ ક્લાસિક તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત હતાં ત્યારબાદ વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ માર્ચ પાસ્ટ (કૂચ) યોજીને મુખ્ય અતિથિને સલામી આપી હતી. રમતગમત મહોત્સવ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ યોજાઈ જેમાં પ્રિ-સ્કૂલ થી 12 ધોરણના 352થી વધુ વિજેતા થયા. વિદ્યાર્થીઓએ દરેક સ્પર્ધામાં પૂરા જોશ અને ખેલદિલી સાથે મેડલઓ જીત્યા હતા.

### બોડેલી ખત્રી વિદ્યાલય દ્વારા વણીયાદ્રી મુકામે NSS સાપ્તાહિક શિબિર યોજાઈ



**બોડેલી ।** ખત્રી વિદ્યાલય દ્વારા ગામ વણીયાદ્રી મુકામે સાપ્તાહિક રાષ્ટ્રીય સેવા યોજના (NSS) શિબીરનું આયોજન કરવામાં આવ્યું. આ શિબીરનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજસેવા, આરોગ્ય જાગૃતિ, સ્વચ્છતા અને રાષ્ટ્ર નિર્માણ માટે વિદ્યાર્થીઓમાં જવાબદારીની ભાવના વિકસાવવાનો રહ્યો હતો. શિબીરના પ્રથમ દિવસે ડો. હંસાબહેનના નેતૃત્વ હેઠળ નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો, જેમાં ગ્રામજનોએ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. ત્યાર પછી ક્રમિક દિવસોમા પશુ ચિકિત્સા કેમ્પનું સફળ આયોજન કરવામાં થયુ હતું. જેમાં પશુપાલકોને માર્ગદર્શન અને સારવાર આપવામાં આવી હતી.

# વાઘોડિયા તળાવમાંથી શ્રમજીવીનો ડી-કમ્પોઝ મૃતદેહ મળી આવ્યો



**પાંચેક દિવસથી** ગુમ મજૂરનું તળાવમાં ડૂબી જતા મોતની આશંકા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.3

વાઘોડિયા ટાઉન વિસ્તારમાં નવી નગરી પાસે આવેલી નર્મદા કોલોની નજીકના તળાવમાંથી આજે સવારે સાડા અગિયાર વાગ્યાના અરસામાં દુર્ગંધ યુક્ત ડી-કમ્પોઝ હાલતમાં એક અજાણ્યા ઈસમનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. સ્થાનિક શ્રમજીવીઓએ બનાવની જાણ વાઘોડિયા પોલીસને કરતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ તળાવમાં લાશ હોવાની જાણ થતા પોલીસે આસપાસના શ્રમજીવીઓ પાસે ઓળખ પરેડ કરાવી હતી. જેમાં મૃતકની ઓળખ દિનેશ નટવરસિંહ બારીયા (ઉ.વ. 37) તરીકે થઈ હતી, જે મૂળ દાતોલ, તા. ઘોઘંબા, જી. પંચમહાલના રહેવાસી અને વાઘોડિયા વિસ્તારમાં મહેનત-મજૂરી કરી જીવન નિર્વાહ કરતા હતા.વાઘોડિયા પોલીસે પરિવારજનોના નિવેદન નોંધી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ અંતિમ વિધિ માટે પરિવારને સોંપ્યો હતો.

### મકાન બાંધકામની મજૂરી કરી પેટીયું રળતા યુવાનના મોતથી ગમગીની છવાઇ

# છોટાઉદેપુરમાં બની રહેલા બે માળના મકાન પરથી પડી જતા મજૂરનું મોત

**કન્સ્ટ્રક્શન** કામો ઉપર જાત તપાસ કરી સેફ્ટી સાધનો પરત્વે ચકાસણી કરવી જરૂરી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3

છોટાઉદેપુર નગરના ગુરૂકૃપા સોસાયટીમાં મકાનનું કામ કરતા મોટી કનાસ ગામના મજૂરી કરતા યુવાનનું બીજા માળેથી પડી જતા મોત નિપજ્યું હતું .

ગુરૂકૃપા સોસાયટીમાં ચાલી રહેલા બે માળના મકાનમાં ધાબાનું સેંટિંગ બાંધતી વખતે ટેકો હટી જતા ધાબેથી નીચે પટકાયો હોવાનું સાથી મજૂરોએ જણાવ્યું હતું. ઉપરના ધાબેથી નીચે પટકાતા યુવાન અરવિંદભાઈ રાઠવાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને ઘટનાસ્થળે જ તેનું મોત નિપજ્યું હતું.

આ ગંભીર બનાવને લઈને છોટાઉદેપુર પોલીસ ઘટના સ્થળે પોહચી હતી અને લોકટોળા ભેગા થઈ ગયા હતા. મૃતક ને જનરલ હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ માટે લઈ જવામાં આવ્યો હતો.

છોટાઉદેપુર પંથકમાં મોટા ભાગના બાંધકામો માં મજદૂરો માટે કોઈપણ સેફટીના સાધનો નો ઉપયોગ કરાતો નથી. કોઈપણ સેફટી સાધનો વગર બાંધકામ ના કામોમાં રોજીરોટી મેળવવા મજૂરી કરતા યુવાનો ઘણીવાર અકસ્માતનો ભોગ બને છે. તેઓ સામે આ ઘટના લાલબત્તી સમાન છે. તંત્રે પણ આવા કન્સ્ટ્રક્શન કામો ઉપર જાત તપાસ કરી સેફ્ટી સાધનો પરત્વે ચકાસણી કરવી જરૂરી છે. મકાન બાંધકામમાં મજૂરી કરી પેટીયું રળતા મોટી કનાસના યુવાનનું મોત થતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

# પાદરાના મોટા તળાવ પાસેના જગદંબા માતાના મંદિરે ધાર્મિક કાર્યક્રમ યોજાયા



(પ્રતિનિધિ) પાદરા, તા.3

પાદરા ના મોટા તળાવ પાસે આવેલ માં જગદંબા ના શાકંભરી દેવી સ્વરૂપે પ્રાગટ્ય એટલે પોષ સુદ પૂર્ણિમા ના દિવસે અંબાજી માતા ના મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પાદરા ના અંબાજી મંદિર ખાતે થી વહેલી સવારે પ્રભાત ફેરી નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં માઈ ભક્તો જોડાયા હતા. પ્રભાત ફેરીનું પ્રસ્થાન મહંત હેમેન્દ્રભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું જે ફેરી નગરના મુખ્ય માર્ગ પર ફરી હતી. અને જય અંબે ના જય ઘોષ થી વાતા વરણ ગુંજી ઉઠ્યું હતું અને સમગ્ર નગરમાં ભક્તિ ના માહોલ સાથે જય અંબે ના નારા ગુંજી ઉઠ્યા હતા.

પાદરા ના આ મોટા અંબાજી મંદિર ખાતે વહેલી સવારથીજ દર્શનાર્થે ભક્તો ની ભારે ભીડ ઉમટી પડી હતી માતાજી ના દર્શન નો લ્હાવો લઇ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ અંબાજી મંદિર ખાતે ૧૧ થી ૧ કલાક દરમ્યાન ચંડીપાઠ નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભવ્ય ધજા ની શોભાયાત્રા બપોરે ૩ કલાકે શ્રી અંબાજી મંદિર પાદરા થી બેન્ડ વાજા સાથે રથ માં અંબાજી માતા ની ભવ્ય શોભાયાત્રા પાલખી સાથે નીકળી હતી. જે નગર ના મુખ્ય માર્ગો પર ફરી હતી જે રથ સાથે નીકળેલી શોભા યાત્રા ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, ઉદ્યોગપતિ હિતેશ પટેલ, માજી પ્રમુખ પરેશ ગાંધી, ચોકસી મહાજન મંડળ ના પ્રમુખ સૂર્યકાંત ચોકસી સહીત માઈ ભક્તોએ કરાવ્યું હતું અને શોભાયાત્રા માં જોડાયા હતા. બહેનો એ ગરબાની રમઝટ બોલાવી હતી. જે ભારે આકર્ષણ નું કેન્દ્ર બન્યું હતું.

# શિનોર : અંબાજી મંદિરે માઁ અંબાના પ્રાગટ્યદિનની ઉત્સાહભેર ઉજવણી

ભવ્ય શોભાયાત્રા, મહા આરતી અને બાળાઓ દ્વારા કેક કાપી ઉજવણી



(પ્રતિનિધિ) શિનોર, તા.3

શિનોર તાલુકાના નર્મદા કિનારે આવેલા રાણાવાસ ગામના પ્રસિદ્ધ અંબાજી મંદિરે પોષી પૂનમના પાવન અવસરે માઁ અંબાના પ્રાગટ્ય દિનની ભવ્ય અને ભાવભીની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે માઁ અંબાની પ્રતિમા સાથે ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા, મહા આરતી અને નાની બાળાઓ દ્વારા કેક કાપી અનોખી રીતે જન્મદિવસની ઉજવણી કરાઈ હતી.

રાણાવાસના યુવાનો દ્વારા ગઈકાલથી જ માઁ અંબાના પ્રાગટ્ય દિનની ઉજવણી માટે મંદિર પરિસરને ધજા-પતાકા અને ફુગ્ગાઓથી સુશોભિત કરાયું હતું. પોષી પૂનમના દિવસે વહેલી સવારથી જ માઈ ભક્તો માઁના દર્શન માટે ઉમટી પડ્યા હતા. સવારે અંદાજે 10 વાગ્યે રાણાવાસ અંબાજી મંદિરમાંથી પ્રતિમાને ડીજે પર ભજનો, સ્તુતિઓ અને આતશબાજી સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા મંદિરેથી શરૂ થઈ મેન બજાર અને રણછોડજી મંદિર પાસેથી પસાર થઈ બપોરે 12 વાગ્યે ફરી મંદિરે પરત ફરી હતી.

ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : +(GST)
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**,વુલન સ્વેટરો**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, .ડબગરવાડ, સુરત

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**,હાર્ડવેર, સેનેટરી**
ઈન્ડસ્ટ્રીયલ પ્લાયવુડ ની ચાલુ દુકાન આપવાની હોય તો અને ડેડ સ્ટોક આપવા માટે પણ સંપર્ક કરો. 9327280937

**/ડિસપ્યુટ વાળી**
સરકારમા જમા જમીન/ પ્લોટના ટાયટલ ક્લિયર માટે મળો. 9978936367

મિલ્કત જોઇએ છે

**ડિસપ્યુટ વાળી જમીન**
પ્લોટ વેચાણથી / જોઈએ છે. સુરત અથવા 50 કિ.મી સુધીમાં 9978936367

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**વરદાન ટ્રાવેલ્સ**
જૂના જાણીતા રાજુમોદી. 17500/- સુરતથી સુરત. કેરેલા, કન્યાકુમારી, મદુરાઈ, રામેશ્વર, જટાયુ ઉપડશે 20 માર્ચ, 12 દિવસ, કાશ્મીર, વૈષ્ણોદેવી, અમૃતસર ઉપડશે 30 માર્ચ 13-દિવસ. બ્રેકફાસ્ટ, ડિનર, સ્ટાર હોટલ, સ્પેશિયલ ગોવા 5 દિવસ 8500/-. (9374512979 (730

**ફ્લેટ વેચવાના છે**
» જહાંગીરપુરામાં રોઝ ગાર્ડન પાસે
» ૧૬૫૪ સ્કે ફીટ
» ૩ બેડરૂમ /હોલ/ કીચન
» ૧૩૧૦ સ્કે ફીટ
» ૨ બેડરૂમ /હોલ/ કીચન
મો.નં. 8141577577 9879890021

**જાન્યુઆરીમાં**
દરરોજ મહામાઘ મેળો પ્રયાગરાજ, (9/ જાન્યુઆરી ખાટુશ્યામ, જયપુર) 9825967888

**ઓમશિવ ટ્રાવેલ્સ**
જાન્યુઆરી, 17 ખાટુંશ્યામ, સાંવરીયાશેઠ, સાલાસર બાલાજી, શ્રીનાથજી, પુષ્કર. 12 જાન્યુઆરી (દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**Date- 09/01/2026**
ઉજ્જૈન, ઓમકારેશ્વર, મમલેશ્વર. Mobile- 9913164330

મિલ્કત ભાડેથી

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનુ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો. 9924441820

WANTED નોકરી વિષયક

**ગુજરાત સ્ટેટ એઈડ્સ**
કંટ્રોલ સોસાયટી અનુદાનિત NACP -V અંતગર્ત વી.ટી કેવડીયા ચેરીટેબલ ટ્રસ્ટ, સચીન M & E cum Accountant (1) B.Com Tally (એકાઉન્ટન્ટ તરીકેનો 2 વર્ષનો અનુભવ) પગાર 16000 + T.A અને શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંસ્થામાં આઉટરીચ વર્કર (1) ગ્રેજ્યુએટ, પગાર 10500 + T.A ફિક્સ પગારથી ઈન્ટરવ્યું રાખવામાં આવેલ છે. ઈન્ટરવ્યું તારીખ: 09-01-2026 સમય: સવારે 11 થી 1 સ્થળ: શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ, C/o વી.એન ગોધાણી સ્કુલ, કતારગામ રોડ, સુરત. કોન્ટેક નં: 7984594100 (/ 9727462734 (728

**WALK-IN INTERVIEW**
DFCCIL, SURAT – DFCCIL invites eligible candidates for contractual posts at its office near Udhna Station, Surat. Posts: Finance Officer (CA Inter/ MBA Finance, 3–5 years experience), AutoCAD Operator (BE Civil/AutoCAD, minimum 3 years experience) and Office Assistant (Graduate, minimum 3 years experience). Venue: DFCCIL Office, Block No. 52A, Surat–Kadodara Road, Near New Udhna DFCCIL Railway Station, Vadchha, Surat. Interview Date: 5th January 2026 Time: 11:00 AM to 4:00 PM. Contact No.: 87582 05533

**વોક ઈન ઈન્ટરવ્યુ**
ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી NACP- V પ્રોગ્રામ અંતર્ગત ચાલતી સંસ્થા એકતા મહિલા મંડળ સુરત દ્વારા કાર્યરત પ્રોજેક્ટ માટે હંગામી ધોરણે ભરતી કરવાની છે. પોસ્ટ- પ્રોજેક્ટ મેનેજર- 1, લાયકાત:- M.S.W., પગાર- 21000 +T.A ઈન્ટરવ્યુની તારીખ:- 09/01/2026 સમય સવારે 11:00 કલાકે નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. એડ્રેસ:- એકતા મહિલા મંડળ- 2/4387 ઈચ્છા મહેતા શેરી, જૂની મહાવીર હોસ્પિટલની બાજુમાં, સગરામપુરા, સુરત. મો:- 9374985888

**મસાલા પેકીંગ માટે**
પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) Mo. 9265470310

**જોઈએ છે**
જુનીયર એકાઉન્ટસ (1) ક્લાર્ક, (2) ડ્રાઈવર- કમ પ્યુન અને (3) ચોકીદાર જગ્યા માટે અરજીઓ આવકારે છે. વધુ વિગત માટે સંસ્થાની વેબસાઈટ www.css.ac.in જોવા વિનંતી. (O) .0261-2977172/174

**જોઈએ છે**
ડીપ્લોમા બી.ઈ ઈલેક્ટ્રીકલ વાયરમેન હેલ્પર સ્ટ્રીટ લાઈટના કામ માટે (૯૮૨૪૧૧૨૬૬૩ (727

મિલ્કત વેચવાની છે

**પ્લોટ વેચવાનો છે**
ડબલ રોડ કોર્નર, 150-વાર, ક્રોમાની પાછળ, એલ.પી. સવાણી રોડ, અડાજણ, 9376112121

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
/3612 /1484 /756 વિગેરેના પ્લોટ 7308 ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, (9825141500 (118

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*.અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં*